YOGI ASTROLOGY

PROBLEM : JOB | HEALTH BUSINESS | EDUCATION IMMIGRATION | CAREER | COURT
NEW BORN BABY KUNDLI
MARRIAGE MATCH KUNDLI
LAGNA MUHURAT / VEDIC MUHURAT
LIFE PREDICTION
VASTU CONSULTATION
MULTI LANGUAGE COMPUTERIZED KUNDLI
YOGESH GANDHI M.SC. B.Ed.
+1 647 286 3734
yoglastro@yahoo.com
www.yogiastrology.com
77 Mission Ridge TR, Brampton ON Canada

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyadnews.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ - 30 ■ અંક - 29 ■ તા. 19-07-2026 ■ રવિવાર ■ પાના - 4 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■Email : prdpraval@yahoo.co.uk

# અમેરિકા-ઈરાન વચ્ચે ભયાનક સ્તરે યુદ્ધ, હોર્મુઝમાં જહાજો પર હુમલા

નવી દિલ્હી, તા.૧૮

અમેરિકા અને ઈરાન વચ્ચેનો લશ્કરી સંઘર્ષ હવે અત્યંત ભયાનક અને વિનાશક સ્તરે પહોંચી ગયો છે. સમુદ્ર, આકાશ અને જમીન પર બંને દેશો સામસામે આવી ગયા છે. ઈરાને અમેરિકાનું કરોડો ડોલરનું ડ્રોન તોડી પાડવા ઉપરાંત જોર્ડન અને કુવૈતમાં આવેલા યુએસ સૈન્ય મથકો પર મિસાઈલમારો કર્યો હોવાનો દાવો કર્યો છે. બીજી તરફ, અમેરિકાએ વળતો પ્રહાર કરી ઈરાન પર ભીષણ એરસ્ટ્રાઈક શરૂ કરી દીધી છે.ઈરાની મીડિયા અને ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ ના અહેવાલો અનુસાર, ઈરાની સેનાએ બુશેહર પર ઉડી રહેલા અમેરિકાના અત્યાધુનિક **MQ-9** રીપર ડ્રોનને તોડી પાડ્યું છે. આશરે **3.4** કરોડ ડૉલરની કિંમતનું આ ડ્રોન થોડી જ મિનિટોમાં હવામાં નાશ પામ્યું હોવાનો દાવો કર્યો છે.વૈશ્વિક વેપાર માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાતો હોર્મુઝ સ્ટ્રેટનો દરિયાઈ માર્ગ હાલ સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે. **IRGC** નૌકાદળની ચેતવણીને અવગણીને આગળ વધેલા બે ઓઈલ ટેન્કરો ખાણ ક્ષેત્રમાં પ્રવેશતા જ ભયાનક વિસ્ફોટો સાથે સળગી ઉઠ્યા હતા. **IRGC**એ જાહેરાત કરી છે કે યુએસ સૈન્યની કાર્યવાહીના કારણે હોર્મુઝ સ્ટ્રેટ હવે અત્યંત અસુરક્ષિત છે અને તેને સંપૂર્ણપણે બંધ કરી દેવાયો છે. આ ઘટનાને પગલે વૈશ્વિક તેલ બજારમાં ભારે ગભરાટ ફેલાયો છે.ઈરાને અમેરિકાને ઘેરવા માટે તેના પાડોશી દેશોમાં આવેલા યુએસ સૈન્ય કેમ્પોને નિશાન બનાવ્યા છે. ઈરાની મીડિયાના મતે, અમેરિકાએ ડઝનબંધ એર ડિફેન્સ મિસાઈલો છોડી હોવા છતાં, ઈરાનની ઘાતક મિસાઈલો જોર્ડન સ્થિત 'મુવફ્ફક સાલ્ટી એર બેઝ' પર ત્રાટકી હતી, જ્યાં મોટી સંખ્યામાં અમેરિકી સૈનિકો તહેનાત છે. આ ઉપરાંત કુવૈતમાં



આવેલા યુએસ કેમ્પો પર પણ હુમલા કરાયા છે.આ ભયાનક લશ્કરી સંઘર્ષને કારણે સમગ્ર પશ્ચિમ એશિયા (મિડલ ઈસ્ટ) મહાયુદ્ધની આગમાં હોમાઈ ગયું છે અને સ્થિતિ પળેપળે વધુ ગંભીર બની રહી છે.

### ભારતીય સૈન્યનો જડબાતોડ જવાબ આપ્યો

# ઓપરેશન સિંદૂર બાદ પહેલીવાર LoC ઉપર ભારે ગોળીબાર

### ગયા વર્ષે સરહદ પર થયેલા 'ઓપરેશન સિંદૂર' બાદ આ પહેલીવાર છે જ્યારે બંને દેશો વચ્ચે આટલી ભારે માત્રામાં ગોળીબાર થયો હોય

નવી દિલ્હી, તા.૧૮

જમ્મુ-કાશ્મીરમાં સતત બગડતી પરિસ્થિતિ અને જનતાના વિરોધ પ્રદર્શનથી દેશ અને દુનિયાનું ધ્યાન ભટકાવવા માટે પાકિસ્તાની સેનાએ ફરી એકવાર સરહદ પર ફરી એક નવો પેંતરો રચ્યો છે. શુક્રવારે મોડી રાત્રે જમ્મુ-કાશ્મીરના રાજૌરી જિલ્લામાં લાઈન ઓફ કંટ્રોલ પર પાકિસ્તાન તરફથી ભારે ફાયરિંગ કરવામાં આવ્યું હતું. ભારતીય સેનાએ પણ આ ઉશ્કેરણીજનક ગોળીબારનો સામનો કરતા પાકિસ્તાનને તેની જ ભાષામાં જડબાતોડ જવાબ આપ્યો છે.મળતી માહિતી મુજબ, શુક્રવારે રાત્રે આશરે ૧૦થી ૧૧ વાગ્યાની આસપાસ રાજૌરી જિલ્લાના તરકુંડી ફોરવર્ડ એરિયામાં પાકિસ્તાની સેના દ્વારા નાના હથિયારોથી અચાનક ભારે ગોળીબાર શરૂ કરી દેવામાં આવ્યો હતો. શરૂઆતમાં ભારતીય સેનાએ તેને માત્ર એક ઉશ્કેરણીજનક પ્રવૃત્તિ ગણીને ભારે સંયમ જાળવ્યો હતો. પરંતુ જ્યારે સરહદ પારથી ફાયરિંગ વધુ તેજ થયું, ત્યારે ભારતીય જવાનોએ પણ મોરચો સંભાળી લીધો અને પાકિસ્તાની ચોકીઓ પર જોરદાર વળતો પ્રહાર કર્યો હતો. આ ગોળીબાર મોડી રાત સુધી અટકતા-અટકતા ચાલુ રહ્યો હતો.

જો કે, આ ઘટનામાં કોઈ જાનહાનિના અહેવાલ નથી.સૈન્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર, બોર્ડર પર તહેનાત ભારતીય જવાનોએ રાત્રિના સમયે સરહદ પારથી કેટલાક શંકાસ્પદ આતંકીઓની હિલચાલ જોઈ હતી. આતંકીઓ ભારતીય સરહદમાં ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરી રહ્યા હોવાની આશંકા જણાતા જ સેનાએ તાબડતોબ ફાયરિંગ શરૂ કર્યું હતું. ત્યારબાદ પાકિસ્તાની સેનાએ આતંકીઓને કવર ફાયર આપવા માટે પોતાના તરફથી નાના હથિયારો વડે બ્લાઈન્ડ ફાયરિંગ શરૂ કરી દીધું હતું.સરહદ પર તહેનાત સૈન્ય અધિકારીઓ હાલ સમગ્ર સ્થિતિ પર બારીકાઈથી નજર રાખી રહ્યા છે. ગયા વર્ષે સરહદ પર થયેલા 'ઓપરેશન સિંદૂર' બાદ આ પહેલીવાર છે જ્યારે બંને દેશો વચ્ચે આટલી ભારે માત્રામાં ગોળીબાર થયો હોય. આ પહેલા પણ પાકિસ્તાન દ્વારા ઘણી વખત સીમા પારથી ઘૂસણખોરી કરાવવાના પ્રયાસો થયા છે, જેને ભારતીય સેનાના જવાનોએ હંમેશા નિષ્ફળ બનાવ્યા છે.રાત્રિના સમયે થયેલા આ ફાયરિંગ બાદ શનિવારે સવારથી જ ભારતીય સેના દ્વારા સમગ્ર વિસ્તારમાં મોટા પાયે સર્ચ ઓપરેશન શરૂ કરી દેવામાં આવ્યું છે. સરહદની નજીક કોઈ ઘૂસણખોર અથવા આતંકવાદી છુપાયેલો ન રહે તે સુનિશ્ચિત કરવા માટે જવાનો ઝીણવટભર્યું ચેકિંગ કરી રહ્યા છે. આ સાથે જ કોઈપણ પ્રકારની કટોકટીનો સામનો કરવા માટે એલઓસી પર સેનાની તકેદારી અને સુરક્ષા વ્યવસ્થા અભેદ્ય કરી દેવામાં આવી છે.

### 3D પ્રિન્ટેડ એન્જિનની તાકાતથી સ્કાઈરૂટે ઈતિહાસ રચ્યો

# ભારતનું પહેલું પ્રાઈવેટ ઓર્બિટલ રોકેટ ×વિક્રમ-૧× શ્રીહરિકોટાથી સફળતાપૂર્વક લોન્ચ

### મિશન આગમન હેઠળ આ ૭ માળ જેટલા ઊંચા રોકેટને ખુબ જ હળવા ઓલ કાર્બન કમ્પોઝિટ માળખા અને અત્યાધુનિક ૩ડી પ્રિન્ટેડ એન્જિનથી તૈયાર કરાયું છે

શ્રીહરિકોટા, તા.૧૮

ભારતની ખાનગી સ્પેસ કંપની સ્કાયરૂટ એરોસ્પેસે આજે એક મોટી ઉપલબ્ધિ મેળવી છે. કંપનીનું વિક્રમ-૧ રોકેટ શ્રીહરિકોટાના સતીષ ધવન સ્પેસ સેન્ટરથી સફળતાપૂર્વક લોન્ચ થયું. આ ભારતના પ્રાઈવેટ સેક્ટરનું પહેલું ઓર્બિટલ રોકેટ લોન્ચિંગમાંથી એક છે, જેણે આખા દેશને ગર્વની અનુભૂતિ કરવાની તક આપી છે.

નિર્ધારિત સમય ૧૧.૩૦ કરતા થોડું મોડું ૧૨.૦૫ કલાકે વિક્રમ-૧ને લોન્ચ કરાયું. રોકેટે નિર્ધારિત સમય પર તમામ તબક્કા પસાર કર્યા. ઉપગ્રહને યોગ્ય ઓર્બિટમાં સ્થાપિત કર્યા. ઈસરોના વૈજ્ઞાનિકોએ આ સમગ્ર પ્રક્રિયાને મોનિટર કરી. આ મિશનનું નામ આગમન રાખવામાં આવ્યું છે.

આ લોન્ચ ફક્ત સ્કાયરૂટ માટે જ નહીં પરંતુ ભારતના આખા પ્રાઈવેટ સેક્ટર માટે એક મોટી તક છે. વર્ષ ૨૦૨૦માં સરકારે સ્પેસ સેક્ટરમાં મોટા ફેરફાર કર્યા હતા. ત્યારબાદ ખાનગી કંપનીઓને પણ રોકેટ, સેટેલાઈટ, અને લોન્ચ સર્વિસ પર કામ કરવાની મંજૂરી મળી.


સ્કાયરૂટ આ અગાઉ ૨૦૨૨માં વિક્રમ-એસ નામનું સબ ઓર્બિટલ રોકેટ પણ લોન્ચ કરી ચૂકી છે. પરંતુ તે મિશનમાં સેટેલાઈટને ઓર્બિટમાં મોકલાયો નહતો. આ વખતે લક્ષ્ય અલગ હતું. વિક્રમ-૧ અનેક ગ્રાહકોના નાના સેટેલાઈટને પૃથ્વીથી લગભગ ૪૫૦ કિમીની ઊંચાઈએ લો અર્થ ઓર્બિટમાં પહોંચાડશે. આ ત્રણ ડેવલપમેન્ટ મિશનોમાં પહેલું મિશન હશે. ત્યારબાદ રોકેટને નિયમિત કોમર્શિયલ લોન્ચ માટે તૈયાર કરાશે. સબ ઓર્બિટલ અને ઓર્બિટલ રોકેટમાં મોટો ફરક હોય છે. સબ ઓર્બિટલ રોકેટ અંતરીક્ષ સુધી જઈને પાછું ફરે છે. પરંતુ ઓર્બિટલ રોકેટ સેટેલાઈટને એટલી તેજ રફતાર આપે છે કે તે પૃથ્વીની ઓર્બિટમાં ઘૂમતું રહે છે. જો વિક્રમ-૧ સફળ રહ્યું તો પહેલીવાર કોઈ ભારતીય પ્રાઈવેટ કંપનીનું રોકેટ આ કામ કરશે.

વિક્રમ-૧ ચાર તબક્કાવાળું રોકેટ છે. પહેલાના ત્રણ તબક્કામાં ઠોસ ઈંધણનો ઉપયોગ કરાયો હતો. ચોથા તબક્કામાં લિકવિડ ફ્યૂલ એન્જિન લાગેલું છે જેને જરૂર પડ્યે ફરીથી ચાલુ કરી શકાય છે. તેનાથી સેટેલાઈટને તેની નિર્ધારિત ઓર્બિટમાં વધુ યોગ્ય જગ્યા પર પહોંચાડવામાં મદદ મળે છે.

આ રોકેટ ખાસ કરીને નાના સેટેલાઈટ લોન્ચ કરવા માટે બનાવવામાં આવ્યું છે. સ્કાયરૂટ એરોસ્પેસની શરૂઆત ૨૦૧૮માં ઈસરોના પૂર્વ એન્જિનિયર પવનકુમાર ચંદાના અને નાગા ભરત ડાકાએ કરી હતી. ૨૦૨૦માં સ્પેસ સેક્ટર ખુલ્યા બાદ કંપનીએ ભારતના પ્રાઈવેટ સ્પેસ સેક્ટરની અત્યાર સુધીમાં સૌથી મોટી પરીક્ષા ગણાઈ રહી હતી. સબ-ઓર્બિટલ અને ઓર્બિટલ રોકેટ વચ્ચે મોટો તફાવત હોય છે. સબ-ઓર્બિટલ રોકેટ માત્ર અવકાશની સરહદ સુધી પહોંચીને પૃથ્વી પર પાછું ફરે છે. જ્યારે ઓર્બિટલ રોકેટ ઉપગ્રહ (સેટેલાઈટ)ને એટલી પ્રચંડ ગતિ અને વેગ આપે છે કે તે પૃથ્વીની ભ્રમણકક્ષામાં સ્થાપિત થઈને સતત ચક્કર લગાવતો રહે છે.

વિક્રમ-૧ની આ સફળતા સાથે જ, ભારતની કોઈ ખાનગી સ્પેસ



ઓર્બિટલ રોકેટ બનાવવા પર ઝડપથી કામ કર્યું. હવે વિક્રમ-૧ તે સફરનો મહત્વનો પડાવ છે.

મિશનની સફળતાથી ભારતના પ્રાઈવેટ સ્પેસ સેક્ટરને મોટી મજબૂતી મળશે અને ભવિષ્યમાં દેશથી મોટા કોમર્શિયલ સેટેલાઈટ લોન્ચ થઈ શકશે. આ લોન્ચ પર સમગ્ર દેશની નજર હતી. કારણ કે તે કંપનીએ ઓર્બિટલ સેટેલાઈટ લોન્ચ કરવાની સિદ્ધિ મેળવી હોય તેવો આ પ્રથમ ઐતિહાસિક કિસ્સો બન્યો છે. સ્પેસ ક્ષેત્રે આ ઐતિહાસિક સિદ્ધિ બાદ વડાપ્રધાન મોદી ખુશ-ખુશ થઈ ગયા હતા અને તેમણે આ સફળ અભિયાનમાં સામેલ ટીમને શુભેચ્છાઓ પાઠવી હતી. પીએમ મોદીએ ટીમને સામેથી ફોન કર્યો હતો.

### નવી પદ્ધતિ અપનાવવામાં આવી ત્યારથી આ સૌથી વધુ બેરોજગારી દર

# જૂનમાં મહિલા બેરોજગારી દર ૧૫ મહિનાના ઉચ્ચ સ્તરે પહોંચ્યો

### મહિના દરમિયાન એકંદર બેરોજગારી દર ૫.૫ ટકા પર સ્થિર રહ્યો, જે મે મહિનામાં નોંધાયેલા ૧૧ મહિનાના ઉચ્ચ સ્તર સમાન

અમદાવાદ, તા.૧૮

રાષ્ટ્રીય આંકડાકીય કાર્યાલય દ્વારા જાહેર કરાયેલા પિરિયોડિક લેબર ફોર્સ સર્વેના નવીનતમ માસિક બુલેટિન મુજબ, ભારતમાં મહિલા બેરોજગારી દર જૂનમાં વધીને ૧૫ મહિનાના ઉચ્ચ સ્તરે ૫.૯ ટકા થયો છે, જે મે મહિનામાં ૫.૬ ટકા હતો. લેબર ફોર્સ દ્વારા ડેટા સંગ્રહ માટે નવી પદ્ધતિ અપનાવવામાં આવી ત્યારથી આ સૌથી વધુ બેરોજગારી દર છે.છેલ્લા પાંચ મહિનામાંથી ચાર મહિનામાં મહિલા બેરોજગારી દરમાં વધારો થયો છે. ફેબ્રુઆરીમાં તે ૫.૧ ટકા હતો અને જૂનમાં વધીને ૫.૯ ટકા થયો છે.

આ દર એપ્રિલ ૨૦૨૫ (વર્તમાન માસિક શ્રેણીનો પ્રથમ મહિનો) માં નોંધાયેલા ૫ ટકાના સ્તરથી ઘણો ઉપર છે. જૂન મહિનામાં ગ્રામીણ મહિલા બેરોજગારી દર પણ વધીને ૫ ટકાના નવા સિરીઝ ઉચ્ચ સ્તરે પહોંચ્યો, જે એપ્રિલ ૨૦૨૫ પછીનો સૌથી ઉચ્ચ સ્તર છે. મે મહિનામાં ગ્રામીણ મહિલા બેરોજગારી દર ૪.૭ ટકા હતો. મહિલાઓ માટે શહેરી બેરોજગારી



દર ઊંચો રહ્યો છે, જે મે મહિનામાં ૮.૨ ટકાથી વધીને જૂનમાં ૮.૪ ટકા થયો છે.મહિના દરમિયાન એકંદર બેરોજગારી દર ૫.૫ ટકા પર સ્થિર રહ્યો, જે મે મહિનામાં નોંધાયેલા ૧૧ મહિનાના ઉચ્ચ સ્તર સમાન છે. શ્રમ બળ ભાગીદારી દર, જે કામ કરતી અથવા સક્રિય રીતે કામ શોધતી વસ્તીનું પ્રમાણ છે, તે જૂનમાં ૫૪.૪ ટકા પર સ્થિર રહ્યો હતો. મે સુધી સતત ત્રણ મહિના સુધી તેમાં ઘટાડો થયો હતો, પરંતુ તે મેના સ્તરે રહ્યો. ગ્રામીણ વિસ્તારોમાં શ્રમ બળ ભાગીદારી દર આ મહિને ૫૬.૬ ટકા પર સ્થિર રહ્યો, જ્યારે શહેરી વિસ્તારોમાં તે મે મહિનામાં ૪૯.૮ ટકાથી વધીને ૫૦.૧ ટકા થયો. મહિલાઓમાં બેરોજગારી એવા સમયે વધી જ્યારે જૂનમાં મહિલાઓ માટે શ્રમ બળ ભાગીદારી દર ૩૨.૭ ટકા પર સ્થિર રહ્યો હતો.

### ૫ માળની ઈમારત ધ્વસ્ત કરવા ૩ JCB તહેનાત

# મમતાના ભત્રીજાના ગેરકાયદે કાર્યાલય પર બુલડોઝર એક્શન

કોલકાતા, તા.૧૮

તૃણમૂલ કોંગ્રેસ (TMC) ના રાષ્ટ્રીય જનરલ સેક્રેટરી અને ડાયમંડ હાર્બરના સાંસદ અભિષેક બેનર્જીની ગેરકાયદેસર રીતે બનેલી ઓફિસને તોડી પાડવા માટે વહીવટીતંત્રે શનિવારે મોટી કાર્યવાહી શરૂ કરી છે. આ ૫ માળની ઓફિસ બિલ્ડિંગને જમીનદોસ્ત કરવા માટે એકસાથે ત્રણ બુલડોઝર (JCB) કામે લગાડવામાં આવ્યા છે. મમતા બેનર્જીના ભત્રીજા અભિષેક બેનર્જીની આ ઓફિસ અમતાલા-બારુઈપુર રોડ પર આવેલી છે.

મહાનગરપાલિકા અને સ્થાનિક પ્રશાસન દ્વારા આ બિલ્ડિંગને સંપૂર્ણપણે ગેરકાયદેસર જાહેર કરવામાં આવી છે. વહીવટીતંત્ર દ્વારા અગાઉ પણ આ ઈમારતને તોડી પાડવા માટે અભિષેક બેનર્જીને ઘણી વખત સત્તાવાર નોટિસ મોકલવામાં આવી હતી અને બિલ્ડિંગ પર નોટિસ ચોંટાડીને આરોપ લગાવવામાં આવ્યો હતો કે આ ઈમારત કોઈ પણ પ્રકારની મંજૂરી વિના બનાવવામાં આવી હતી. જોકે, અભિષેક બેનર્જી તરફથી આ નોટિસોનો કોઈ જવાબ આપવામાં આવ્યો નહોતો, જેના પગલે શનિવારે પ્રશાસને આખરે કડક વલણ અપનાવીને ઈમારતને ધ્વસ્ત કરવાની કામગીરી શરૂ કરી દીધી છે.

સાંસદ અભિષેક બેનર્જીની આ સંસદ સભ્ય કાર્યાલય (MP Office) દક્ષિણ ૨૪ પરગણા જિલ્લામાં આવેલી છે. આ ગેરકાયદેસર બાંધકામને તોડવાની પ્રક્રિયા શરૂ થતાં જ પશ્ચિમ બંગાળના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે અને રાજકીય વિવાદો વકર્યા છે. આ કાર્યવાહી દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન ઘટે અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સુરક્ષાના ભાગરૂપે ઘટનાસ્થળે મોટી સંખ્યામાં પોલીસ જવાનોને તૈનાત કરી દેવામાં આવ્યા છે.

# વર્તમાન નાણાં વર્ષનું એલપીજી સબસિડી બિલ રૂપિયા એક લાખ કરોડ પહોંચવા વકી

નવી દિલ્હી, તા.૧૮

પશ્ચિમ એશિયા યુદ્ધને પરિણામે ઓઈલ તથા ગેસ પૂરવઠામાં પડેલી ખલેલને કારણે આ ઈંધણોના ભાવમાં આવેલા ઉછાળાને પગલે વર્તમાન નાણાં વર્ષમાં સરકારનું એલપીજી સબસિડી બિલ રૂપિયા એક લાખ કરોડ પહોંચી જવાનો અંદાજ મુકાઈ રહ્યો છે.વર્તમાન નાણાં વર્ષના બજેટમાં એલપીજી સબસિડી પેટે સરકારે રૂપિયા ૩૦,૦૦૦ કરોડના ખર્ચનો અંદાજ મૂકયો હતો. જો કે આ અંદાજ કરતા ખર્ચમાં રૂપિયા ૭૦,૦૦૦ કરોડ જેટલો વધારો જોવાઈ રહ્યો હોવાનું એક રિપોર્ટમાં જણાવાયું હતું.યુદ્ધને કારણે ઈંધણ તથા એલપીજીના ભાવમાં આવેલા ઉછાળાને કારણે આવી પડેલા બોજમાંથી મોટો હિસ્સો સરકાર તથા ઓઈલ માર્કેટિંગ કંપનીઓ ઉઠાવી રહી છે.હાલમાં પ્રતિ સિલિંડર રૂપિયા ૪૯૦ની સબસિડી ખર્ચ થાય છે. આ ખર્ચને ધ્યાનમાં રાખતા વર્તમાન નાણાં વર્ષનું એલપીજી સબસિડી બિલ રૂપિયા એક લાખ કરોડ પહોંચી જવાની શકયતા હોવાની રિપોર્ટમાં નોંધ કરવામાં આવી છે.વર્તમાન નાણાં વર્ષના પ્રથમ બે મહિનામાં જ એકંદર સબસિડી ખર્ચમાં જોરદાર વધારો થઈ ગયો છે. ગયા નાણાં વર્ષના એપ્રિલ-મેમાં રૂપિયા ૫૧૨.૫૦ અબજના સબસિડી બિલ સામે વર્તમાન વર્ષના સમાન ગાળાનું સબસિડી બિલ ૪૫ ટકા જેટલું વધી રૂપિયા ૭૫૫ અબજ પહોંચી ગયું હોવાનું પણ રિપોર્ટમાં નોંધવામાં ઔઆવ્યું છે.

કપરાડામાં ૩ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો

# ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૯૫ તાલુકામાં વરસાદ નોંધાયો

## આગામી સાત દિવસ સુધી રાજ્યમાં સામાન્યથી મધ્યમ વરસાદી માહોલ યથાવત રહેવાની શક્યતા : હવામાન વિભાગ

ગાંધીનગર, તા.૧૮

ગુજરાતમાં ચોમાસાની ગતિ ધીમી રહેતા વરસાદની ખેંચ વર્તાી રહી છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૯૫ તાલુકાઓમાં મેઘમહર જોવા મળી હતી, પરંતુ એકંદર સ્થિતિ ચિંતાજનક છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી સાત દિવસ સુધી રાજ્યમાં સામાન્યથી મધ્યમ વરસાદી માહોલ યથાવત રહેવાની શક્યતા છે.છેલ્લા ૨૪ કલાકમાં દક્ષિણ ગુજરાતમાં વરસાદનું જોર પ્રમાણમાં સારું રહ્યું હતું. જેમાં વલસાડના કપરાડામાં સૌથી વધુ ૩.૭૦ ઈંચ વરસાદ નોંધાયો હતો. જ્યારે ખેરગામમાં ૨.૧૭ ઈંચ, કામરેજમાં ૨.૧૩ ઈંચ, પેટલાદમાં ૨.૦૫ ઈંચ, સોજીત્રામાં ૧.૯૭ ઈંચ, ઘોઘંબામાં ૧.૭૭ ઈંચ, નાનાપોંઢામાં ૧.૪૬ ઈંચ, ભાવનગરમાં ૧.૪૨ ઈંચ, પલસાણામાં ૧.૪૨ ઈંચ, વાલિયામાં ૧.૧૮ ઈંચ, ધરમપુરમાં ૧.૦૬ ઈંચ, બારડોલીમાં ૦.૯૮ ઈંચ, સિનોરમાં ૦.૮૭ ઈંચ, બરવાળામાં ૦.૮૩ ઈંચ, પારડીમાં ૦.૭૯ ઈંચ વરસાદ વરસ્યો હતો.ચાલુ સીઝનમાં અત્યાર સુધીમાં ગુજરાતમાં સરેરાશ કરતાં ઘણો ઓછો વરસાદ પડ્યો છે. અત્યાર સુધી રાજ્યમાં માત્ર ૪.૬૦ ઈંચ વરસાદ નોંધાયો છે. જ્યારે આ સમયગાળા દરમિયાન દર વર્ષે સરેરાશ ૯.૬૪ ઈંચ વરસાદ થવો જોઈએ. એટલે કે ગુજરાતમાં સામાન્ય કરતાં ૩૧ ટકા ઓછો વરસાદ નોંધાયો છે. વરસાદની આ ખોટને કારણે ખેડૂતો ઉપરાંત જળાશયો અને ડેમોની સ્થિતિ પર પણ અસર જોવા મળી રહી છે.હવામાન વિભાગ દ્વારા ૧૮મી જુલાઈથી આગામી ત્રણ દિવસ સુધી અમદાવાદ, ગાંધીનગર સહિત સમગ્ર ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ અને દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ હળવોથી મધ્યમ વરસાદ અથવા ગાજવીજ સાથે ઝાપટાં પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. જ્યારે ૨૧મીથી ૨૩મી જુલાઈ દરમિયાન દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં વરસાદનું જોર થોડું વધી શકે છે અને ત્યાં વધુ વિસ્તારોમાં વરસાદ પડી શકે છે. જો કે, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છમાં વરસાદની સ્થિતિ સામાન્ય જ રહેશે.

# દ્વારકા દર્શને ગયેલા ઉધનાના પરિવારના બંધ મકાનમાંથી ૩૦ લાખથી વધુની ચોરી

સુરત, તા.૧૮

સુરતના ઉધના વિસ્તારમાં ચોરીની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ઉધનાની શિવ નગર સોસાયટીમાં રહેતો રાણા પરિવાર જ્યારે દ્વારકા દર્શને ગયો હતો, ત્યારે તસ્કરોએ તેમના બંધ મકાનને નિશાન બનાવી લાખોની મતા પર હાથ સાફ કર્યો હતો. ચોરીની આ સમગ્ર ઘટના આસપાસના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે.મળતી માહિતી મુજબ, ગત ૧૩મી જૂલાઈના રોજ ફરિયાદી ભારતીબેન રાણા તેમનો આખો પરિવાર અને અન્ય સંબંધીઓ સાથે દ્વારકા દર્શન કરવા માટે ગયા હતા. પરિવાર દ્વારકા હતો તે દરમિયાન સુરતમાં રહેતા એક સંબંધીનો તેમના પર ફોન આવ્યો હતો અને જણાવ્યું હતું કે તેમના મકાનનું તાળું તૂટેલું છે. આ સાંભળતા જ પરિવારના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. આખો પરિવાર તાત્કાલિક દ્વારકાથી સુરત પરત ફર્યો હતો.

ઘરની પરિસ્થિતિ જોઈને ફરિયાદી ભારતીબેન રાણા અને તેમનો આખો પરિવાર ચોધાર આંસુએ રડી પડ્યો હતો. ભારતીબેને રડતા-રડતા પોલીસ અને ભગવાન પાસે તેમનો ચોરી થયેલો સામાન પાછો મળી જાય તેવી આશા વ્યક્ત કરી હતી.પરિવારના જણાવ્યા અનુસાર, તસ્કરો સોનાના ૧૫ બિસ્કીટ, ચેન, બુટ્ટી અને ૧.૬૫ લાખની રોકડ સહિત ૩૦ લાખથી વધુની મતા ચોરી ગયા છે. જોકે, પોલીસે સોનાના જૂના ભાવ ગણીને ચોપડે માત્ર ૭.૪૧ લાખની ચોરી દર્શાવી હોવાનું સામે આવ્યું છે. ઘટનાની જાણ થતાં જ ઉધના પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે જ્યારે આસપાસના સીસીટીવી ફૂટેજ તપાસ્યા ત્યારે મધરાત્રે બે શખ્સો બાઈક પર આવતા જોવા મળ્યા હતા. ઓળખ છુપાવવા માટે આ તસ્કરોએ બાઈક પર રેઈનકોટ પહેરેલો હતો. સમગ્ર મામલે ઉધના પોલીસે ગુનો નોંધીને સીસીટીવી ફૂટેજના આધારે રેઈનકોટધારી બંને શખ્સોને પકડવા અને મુદ્દામાલ રિકવર કરવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.


કોરોનાકાળના વોરિયર્સ પાંચ વર્ષે પણ રજા પગારથી હજુ વંચિત

# વિવિધ ગુનામાં આવતાં ખોટા ઈ-ચલણ સામે વાહન ચાલક વાંધો રજૂ કરી શકશે

## રાજ્યમાં વાહન ખાતાના અધિકારીઓ માટે ઈ-ડિટેક્શન પદ્ધતિ અને ઈલેક્ટ્રોનિક એન્ફોર્સમેન્ટ પદ્ધતિથી કામગીરી માટે કેટલાક નિર્ણય લેવાયા

ગાંધીનગર, તા.૧૮

વાહનોને લગતા વિવિધ ગુનાના ભંગ બદલ ચલણ જારી કરવામાં આવે છે તે જે પ્રાદેશિક કે સહાયક વાહન વ્યવહાર કચેરી-આરટીઓના કાર્યક્ષેત્રમાંથી ઈસ્યૂ કરવામાં આવ્યા હોય તે કચેરીના વડા હોદ્દાની રૂએ ફરિયાદ નિવારણ સત્તાધિકારી (રીડ્રેસલ ઓથોરિટી) તરીકે નિયુક્ત કરવાનો વાહન વ્યવહાર વિભાગે નિર્ણય લીધો છે. રાજ્યમાં વાહન ખાતાના અધિકારીઓ માટે ઈ-ડિટેક્શન પદ્ધતિ અને ઈલેક્ટ્રોનિક એન્ફોર્સમેન્ટ પદ્ધતિથી કામગીરી માટે કેટલાક નિર્ણય લેવાયા છે. જેમાં જે તે કચેરી ખાતે ફરજ બજાવતા સહાયક પ્રાદેશિક આરટીઓ કે મોટર વાહન નિરીક્ષકને પણ વાહન વ્યવહાર કમિશનરની મંજૂરીથી રીડ્રેસલ ઓથોરિટીની કામગીરી કરવા સત્તા આપી શકાશે. ઈ-ચલણ મળ્યાના દોઢ મહિનામાં વાહન ચાલકે ચલણની રકમ ભરવી પડશે અથવા યોગ્ય દસ્તાવેજી પુરાવા સાથે ચલણ સામે વાંધો નોંધાવી શકાશે. જો રીડ્રેસલ ઓથોરિટી દ્વારા નિયત સમય મર્યાદામાં નિર્ણય ન આવે તો સત્તાધિકારી પુરાવા જોઈને યોગ્ય કારણો સાથે ચલણ રદ કરી શકશે. તેનો હુકમ પોર્ટલ ઉપર પણ મૂકવાનો રહેશે. જો વાહન ચાલકની અરજી નામંજૂર કરાય તો તે વ્યક્તિએ કોર્ટમાં અરજી કરતા પહેલા ચલણમાં દર્શાવેલી રકમના ૫૦ ટકા સરકારી ઈ-ચલણ પોર્ટલ ઉપર ઓનલાઈન ડિપોઝિટ કરવાની રહેશે.



કોરોનાકાળ દરમિયાન કરાર આધારિત અને આઉટ સોર્સિંગથી ફરજ બજાવનારા વર્ગ ૩ અને વર્ગ ૪ના કર્મચારીઓ, આશાવર્કરો અને ફેસિલિટેટર બહેનોને કુલ ૧૩૦ દિવસનો રજા પગાર આજે પણ મળ્યો નથી. પીએમ નરેન્દ્ર મોદી દ્વારા પણ આવા કર્મીઓને કોરોના વોરિયર્સ કહીને પ્રશંસા કરાઈ હતી પરંતુ તે પછી પાંચ વર્ષે પણ તેમને મળનારા રજા પગાર આપવા બાબતે આરોગ્ય તંત્ર દ્વારા ઉપેક્ષા કરાઈ રહી છે. આ મામલે વિવિધ સંગઠનો દ્વારા જિલ્લામાં કલેક્ટરને આવેદનપત્ર આપીને રજૂઆત કરવાની શરૂઆત કરાઈ છે. કોરોનાકાળમાં રવિવારની રજા અને જાહેર રજા થઈને કુલ ૧૩૦ દિવસની કામગીરીનો પગાર કર્મીઓને મળવાપાત્ર થાય છે તે ચૂકવાઈ રહ્યો નથી. કાયમી ભરતી ન થતા આવા અનેક વર્ગ-૩ના કર્મીઓને હવે છૂટા પણ કરવામાં આવી રહ્યા છે. ગુજરાત જનતા જાગૃતિ મંચના અગ્રણી રજનીકાંત ભારતીયના જણાવ્યા મુજબ કેટલીક એજન્સીઓ આઉટ સોર્સિંગ કર્મીઓને પૂરા નાણાં ચૂકવી રહી નથી.

વાહ રે કળિયુગ, આવી પત્નીઓથી ભગવાન બચાવે!

# વિજાપુરમાં પત્ની અને દિકરીએ જ ઘડ્યું હતું મોતનું કાવતરું

મહેસાણા, તા.૧૮

મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકામાંથી એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. વિજાપુરમાં થોડા દિવસો પહેલા જે અકસ્માતને પોલીસે એક સામાન્ય હિટ-એન્ડ-રનનો કિસ્સો માન્યો હતો, તે વાસ્તવમાં એક સુનિયોજિત મર્ડર કાવતરું હોવાનું બહાર આવ્યું છે. પતિ પર વહેમ રાખતી પત્નીએ જ પતિના લોકેશન આપીને ભત્રીજાની મદદથી મોતને ઘાટ ઉતાર્યા હતા. પોલીસે આ ગુનાનો પર્દાફાશ કરી ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે.

તારીખ ૮ જુલાઈ, ૨૦૨૬ના રોજ વિજાપુરમાં એક વ્યક્તિ પોતાના એક્ટિવા પર પસાર થઈ રહ્યા હતા ત્યારે એક સફેદ રંગની બ્રેઝા કારે તેમને ટક્કર મારી દીધી હતી. આ અકસ્માતમાં વ્યક્તિનું મોત થયું હતું અને કાર ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. શરૂઆતમાં આ કેસ સામાન્ય અકસ્માત જેવો લાગતો હતો. પરંતુ વિજાપુર પોલીસે ટેકનિકલ અને હ્યુમન સોર્સની મદદથી ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી જેમાં પોલીસ તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો કે, મૃતકની પત્ની રીટાબેન પટેલ પતિ સાથેના કથિત ઝઘડા અને વહેમને કારણે કંટાળી ગઈ હતી. તેણે પોતાના પતિને રસ્તામાંથી હટાવવા માટે ઘાતક પ્લાન બનાવ્યો.આ કાવતરામાં પત્નીએ ભત્રીજા વિમલકુમારને પૈસાની લાલચ આપી તૈયાર કર્યો અને મૃતકનું જીવંત લોકેશન તેને મોકલતી હતી. આ સમગ્ર ષડયંત્રમાં મૃતકની ભત્રીજી શ્રદ્ધાબેન પણ સામેલ હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. વિજાપુર પોલીસે સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ પુરાવાઓના આધારે કડીઓ જોડીને સમગ્ર કેસનો પર્દાફાશ કર્યો છે. પોલીસે ગુનામાં વપરાયેલી કાર કબજે કરીને પત્ની રીટાબેન, દીકરી શ્રદ્ધાબેન અને ભત્રીજા વિમલકુમાર સહિત ત્રણેય આરોપીઓની ધરપકડ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પત્નીએ પતિ સાથેના વહેમના કારણે અકસ્માતનું નાટક રચી હત્યા કરાવી હોવાનું કબૂલાત કરી છે.

ઘટનાની વિગત એવી છે કે, ગત તારીખ ૦૮/૦૭/૨૦૨૬ ના રોજ વિજાપુર વિસ્તારમાં એક વ્યક્તિ પોતાના એક્ટિવા પર જઈ રહ્યા હતા, ત્યારે એક સફેદ રંગની બ્રેઝા કારે તેમને જોરદાર ટક્કર મારી હતી. આ ગંભીર અકસ્માતમાં વ્યક્તિનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજયું હતું. ઘટનાને અંજામ આપ્યા બાદ અકસ્માત સર્જનાર કાર ચાલક ગાડી લઈને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. વિજાપુર પોલીસે આ કેસની ગંભીરતાને સમજીને તાત્કાલિક ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સની મદદથી તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

પોલીસે ઘટનાસ્થળની આસપાસના સીસીટીવી (CCTV) ફૂટેજ તપાસતા એક સફેદ રંગની બ્રેઝા કાર શંકાસ્પદ જણાઈ હતી. આ કારની હિલચાલના આધારે પોલીસે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી, જેમાં ચોંકાવનારા ખુલાસાઓ સામે આવ્યા. પોલીસને જાણવા મળ્યું કે આ કોઈ અકસ્માત નહોતો, પરંતુ પૂર્વ આયોજિત હત્યા હતી.

પોલીસ પૂછપરછ અને તપાસમાં સામે આવ્યું કે, મૃતકની પત્ની રીટાબેન પોતાના પતિ પર વહેમ રાખતી હતી. પતિ-પત્ની વચ્ચે અવારનવાર થતા ઝઘડાઓથી કંટાળીને રીટાબેને પતિને રસ્તામાંથી હટાવવાનો ક્રૂર પ્લાન બનાવ્યો હતો. આ કાવતરામાં રીટાબેનની સાથે તેમની દીકરી શ્રદ્ધાબેન પણ પૂરેપૂરી સામેલ હતી. પતિની હત્યા કરવા માટે પત્ની રીટાબેને પોતાના ભત્રીજા વિમલકુમારને પૈસાની લાલચ આપીને તૈયાર કર્યો હતો. પ્લાન મુજબ, પત્ની પોતાના પતિના પળેપળના લોકેશનની માહિતી ભત્રીજા વિમલકુમારને મોકલતી હતી. લોકેશન મળતા જ વિમલકુમારે બ્રેઝા કાર વડે એક્ટિવાને ટક્કર મારીને આ ઘાતક અકસ્માત સર્જ્યો હતો.હાલ વિજાપુર પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે.

સીસીટીવી ફૂટેજ દ્વારા આરોપીઓ સુધી પહોંચવામાં સફળ રહેલી પોલીસે હવે ત્રણેય સામે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સંબંધોને લોહીથી ખરડતી આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ચકચાર જગાવી દીધી છે. ત્યારે હવે કાયદો આ આરોપીઓને શું સજા આપે છે તે જોવું રહ્યું.

એક મહિનામાં કાર્યવાહીનું આશ્વાસન

# અમદાવાદ ગોદરેજ ગાર્ડન સિટીના સેલેસ્ટે પ્રોજેક્ટ મુદ્દે રેરા એક્શનમાં

## અમદાવાદના જગતપુર સ્થિત સેલેસ્ટે પ્રોજેક્ટમાં ચાર વર્ષના વિલંબથી રોકાણકારોમાં ભારે અસંતોષ છે

અમદાવાદ, તા.૧૮

અમદાવાદના જગતપુર વિસ્તારમાં બની રહેલા સેલેસ્ટે પ્રોજેક્ટને લઈને રોકાણકારોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. છેલ્લા ચાર વર્ષથી પ્રોજેક્ટનું કામકાજ બંધ હોવાનો આક્ષેપ કરતાં ગોદરેજ ગાર્ડન સિટીના અનેક રોકાણકારોએ ગાંધીનગર સ્થિત ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (RERA) કચેરીમાં રજૂઆત કરી છે. સમયસર મકાનનો કબજો ન મળતા અને યોગ્ય જવાબ ન મળવાના કારણે રોકાણકારોમાં ભારે રોષ ફેલાયો છે.

રોકાણકારોનું કહેવું છે કે તેમણે ગોદરેજ ગ્રુપના નામ પર વિશ્વાસ રાખીને લાખો રૂપિયાનું રોકાણ કર્યું હતું, પરંતુ વર્ષો વીતી ગયા છતાં પ્રોજેક્ટ પૂર્ણ થયો નથી. આ મામલે તેમણે શ્રી સિદ્ધિ ગ્રુપ અને ગોદરેજ પ્રોપર્ટીઝ સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે.

રેરા કચેરીમાં રોકાણકારો અને અધિકારીઓ વચ્ચે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન અધિકારીઓએ રોકાણકારોને વિશ્વાસ અપાવ્યો કે આગામી દિવસોમાં બંને બિલ્ડર ગ્રુપ સાથે અંતિમ ચર્ચા કરવામાં આવશે અને સમસ્યાનો યોગ્ય ઉકેલ લાવવાનો પ્રયાસ કરવામાં આવશે.

રોકાણકારોએ મીડિયાને જણાવ્યું કે રેરાએ તેમને ખાતરી આપી છે કે આગામી ૧૦ દિવસમાં ગોદરેજ પ્રોપર્ટીઝ અને શ્રી સિદ્ધિ ગ્રુપ સાથે અંતિમ બેઠક યોજાશે. જો આ બેઠકમાં બિલ્ડર દ્વારા મકાનનો કબજો સોંપવા અથવા વ્યાજ સહિત રિફંડ આપવા અંગે કોઈ સંતોષકારક નિર્ણય લેવામાં નહીં આવે, તો રેરા કડક કાયદેસરની કાર્યવાહી કરશે.

રોકાણકારોના જણાવ્યા અનુસાર, જરૂર પડશે તો બંને બિલ્ડર ગ્રુપ સામે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) માં પણ ફરિયાદ નોંધાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી શકે છે. જો આવું થાય તો રેરા દ્વારા બિલ્ડર સામે ઈડીમાં ફરિયાદ નોંધાવવાનો આ દેશનો પ્રથમ કિસ્સો બની શકે છે.

રેરાએ રોકાણકારોને વધુમાં ખાતરી આપી છે કે જો બિલ્ડર તરફથી સહકાર નહીં મળે તો તેમના હિતોની રક્ષા માટે તમામ કાયદાકીય વિકલ્પોનો ઉપયોગ કરવામાં આવશે.

બીજી તરફ, ગોદરેજ બ્રાન્ડ પર વિશ્વાસ રાખીને રોકાણ કરનાર અનેક પરિવારો હવે પોતાને છેતરાયાની લાગણી અનુભવી રહ્યા છે અને ઝડપથી ન્યાય મળે તેવી માંગ કરી રહ્યા છે.

સુરતમાં ખાખી શર્મસાર

# મફતમાં ચા-નાસ્તો ન આપતા પોલીસે વેપારીને થર્ડ ડિગ્રી ટોર્ચર કર્યાનો આક્ષેપ

## વેપારીનો આરોપ છે કે મફતમાં ચા-નાસ્તો ન આપવા બદલ PSI અને ડી-સ્ટાફના માણસોએ તેમને ટાર્ગેટ કર્યા હતા

સુરત, તા.૧૮

સુરતના લીંબાયત વિસ્તારમાં પોલીસની દાદાગીરી અને સત્તાના દુરુપયોગનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં એક હોટલ વેપારીએ પોલીસ સામે અત્યંત ગંભીર આક્ષેપો કર્યા છે. વેપારીનો આરોપ છે કે મફતમાં ચા-નાસ્તો ન આપવા બદલ પીએસઆઈ (PSI) અને ડી-સ્ટાફના માણસોએ તેમને ટાર્ગેટ કર્યા હતા. રાત્રે દુકાનેથી બળજબરીપૂર્વક ઉઠાવી જઈને તેમને જાતિસૂચક અપશબ્દો કહ્યા હતા અને થર્ડ ડિગ્રી ટોર્ચર કરીને ૨૫૦થી વધુ ડંડાના ફટકા માર્યા હતા.

આટલું જ નહીં, પોલીસે હોટલના ગલ્લામાંથી રૂ.૧૦,૦૦૦ રોકડા કાઢી લીધા, કેસ ન કરવા બદલ રૂ.૫૦,૦૦૦ની લાંચ માંગી અને ગુનાના પુરાવા નષ્ટ કરવા માટે દુકાનનું DVR પણ સાથે લઈ ગયા હતા.

આ ક્રૂર મારના કારણે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા વેપારીને સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં MLC (મેડિકલ લીગલ કેસ) નોંધાતા આખી ઘટનાના તબીબી પુરાવા સામે આવ્યા છે. હાલમાં પોલીસ ગલીઓમાં ડંડા સાથે દોડતી હોવાના વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે, જેને પગલે ભોગ બનનાર વેપારીએ ન્યાયની માંગ સાથે પોલીસ કમિશનરને લેખિત અરજી કરી છે.

ભોગ બનનાર હોટલ વેપારીના જણાવ્યા અનુસાર, લીંબાયત પોલીસ સ્ટેશનના પીએસઆઈ (PSI) અને ડી-સ્ટાફના માણસો અવારનવાર તેમની હોટલ પર આવીને મફતમાં ચા-નાસ્તો માંગતા હતા. વેપારીએ મફતની સુવિધા આપવાની ના પાડતા પોલીસ કર્મચારીઓ ઉશ્કેરાયા હતા અને વેપારીને માનસિક તથા શારીરિક ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. આટલેથી ન અટકતા, પોલીસે રાત્રિના સમયે વેપારીને તેમની દુકાનેથી જબરદસ્તી ઉઠાવી લીધા હતા અને પોલીસ સ્ટેશને લઈ ગયા હતા. વેપારીએ સુરત પોલીસ કમિશનરને કરેલી લેખિત અરજીમાં ચોંકાવનારા ખુલાસા કર્યા છે. વેપારીનો દાવો છે કે અટકાયત દરમિયાન તેમને ૨૫૦થી વધુ ડંડાના ફટકા મારીને નિર્દયતાથી થર્ડ ડિગ્રી ટોર્ચર કરવામાં આવ્યું હતું. માર મારતી વખતે પોલીસ અધિકારીઓ દ્વારા જાતિસૂચક અપશબ્દો બોલીને વેપારીનું અપમાન કરવામાં આવ્યું હતું. હોટલના ગલ્લામાંથી પોલીસ કર્મચારીઓ ૧૦,૦૦૦ રોકડા લઈ ગયા હોવાનો અને સમગ્ર મામલે કેસ ન કરવા બદલ ૫૦,૦૦૦ની લાંચ માંગી હોવાનો ગંભીર આરોપ લગાવવામાં આવ્યો છે. પોતાની આ બર્બરતા સીસીટીવી કેમેરામાં કેદ ન થઈ જાય તે માટે પોલીસે હોટલનું DVR (Digital Video Recorder) પણ જપ્ત કરી પુરાવા નષ્ટ કરવાનો પ્રયાસ કર્યો હોવાનો આક્ષેપ છે. પોલીસના અમાનુષી મારને કારણે વેપારીને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેના કારણે તેમને તાત્કાલિક સારવાર માટે સુરતની સ્મીમેર (SMIMER) હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં ડૉક્ટરો દ્વારા MLC (Medico-Legal Case) નોંધવામાં આવતા જ પોલીસની બર્બરતાના પાકા મેડિકલ પુરાવા સામે આવ્યા છે. આ ઘટના દરમિયાન પોલીસ ગલીઓમાં હાથમાં ડંડા લઈને દોડતી હોય તેવા કેટલાક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે. વીડિયો વાયરલ થતાં જ સુરત પોલીસની છબી ખરડાઈ છે અને ઉચ્ચ અધિકારીઓ પણ હરકતમાં આવ્યા છે. આ સમગ્ર મામલાની ગંભીરતાને જોતા ડીસીપી (DCP) ડૉ. કાનન દેસાઈએ તાત્કાલિક અસરથી સમગ્ર ઘટનાની તટસ્થ તપાસના આદેશ આપ્યા છે.

# અપહરણકાંડમાં આરોપીને ૧૦ દિવસની રઝળપાટ બાદ શોધી લેવાયો

જામનગર, તા.૧૮

જામનગરના ગ્રામ્ય વિસ્તારમાંથી એક ગરીબ વિધવા મહિલાની ૧૨ વર્ષની સગીર પુત્રીના અપહરણના કેસમાં જામનગર પોલીસે માત્ર ૧૦ દિવસમાં ટેકનિકલ એનાલિસિસના આધારે પોરબંદરમાંથી બાળકીને હેમખેમ મુક્ત કરાવી છે.

આ સાથે અપહરણ કરનાર જેસીબી ચાલક આરોપી કાના મેરામણને ઝડપી લઈને જામનગર લાવવામાં આવ્યો છે.

બાળકીનું તબીબી પરીક્ષણ કરાવ્યા બાદ પોલીસે અપહરણ ઉપરાંત દુષ્કર્મ અને પોક્સો સહિતની ગંભીર કલમો ઉમેરી આરોપીની ધરપકડની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ જામનગરના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એક ગરીબ વિધવા મહિલાની ૧૨ વર્ષની સગીર પુત્રીને પોરબંદરનો જેસીબી ચાલક કાના મેરામણ લગ્નની લાલચ આપી ભગાડી ગયો હતો. ઘટનાની જાણ થતાં ગભરાયેલી માતાએ બેડી મરીન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અપહરણનો ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી હતી.

આ બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે રોષ ફેલાયો હતો. વિધવા મહિલાના સમર્થનમાં સમાજના આગેવાનો અને સ્થાનિક લોકો મેદાને ઉતર્યા હતા. બાળકીને તાત્કાલિક શોધી કાઢવાની માંગ સાથે ધરણાં, રજૂઆતો તેમજ પોલીસ અધિક્ષકને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. વિવિધ સામાજિક કાર્યક્રમો દ્વારા પણ ઝડપી કાર્યવાહી માટેની માંગ કરાઈ હતી.

જે ઘટનાની ગંભીરતા ધ્યાનમાં રાખી જામનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી)ની ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને સતત તપાસના આધારે આરોપી સુધી પહોંચવામાં સફળતા મેળવી હતી.

# ૫.૫ ટન અખાદ્ય ખોરાકનો નાશ, ૨૮ એકમ સીલ અને ૭ લાખનો દંડ

રાજકોટ, તા.૧૮

ભેળસેળયુક્ત અને અખાદ્ય ખોરાક વેચનારાઓ સામે રાજકોટ મહાનગરપાલિકા (RMC)ના આરોગ્ય વિભાગે છેલ્લા એક મહિનાથી શરૂ કરેલી વિશેષ ઝુંબેશમાં મોટા પાયે કાર્યવાહી કરી છે.

આ અભિયાન દરમિયાન ૫.૫ ટન અખાદ્ય ખોરાકનો નાશ કરવામાં આવ્યો છે. જ્યારે ૨૮ પેઢી અને એકમોને સીલ કરવામાં આવ્યા છે. ઉપરાંત વિવિધ સંસ્થાઓને મળીને રૂ.૭ લાખનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે.

આરોગ્ય વિભાગે શહેરના ૧,૧૦૦થી વધુ ખાણી-પીણીના એકમો અને વેપારી પેઢીઓમાં તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન ૩૧૦ વેપારીઓને ભેળસેળ, ગંદકી અને અનહાઈજેનિક સ્થિતિ અંગે નોટિસ આપવામાં આવી હતી.

આ ઝુંબેશ દરમિયાન અનેક જાણીતી હોટલો અને રેસ્ટોરન્ટમાં પણ તપાસ કરવામાં આવી હતી. અધિકારીઓના જણાવ્યા મુજબ, કેટલીક મોંઘી હોટલોમાં પણ અખાદ્ય અને ગુણવત્તા વિરુદ્ધનો ખોરાક મળી આવતા તેમની સામે પણ નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવી હતી.

માત્ર રાજકોટ શહેર જ નહીં પરંતુ જિલ્લામાં પણ આરોગ્ય વિભાગે વિવિધ તાલુકાઓમાં કાર્યવાહી હાથ ધરી હતી. ગોંડલના ગુંદાળા વિસ્તારમાં આવેલી મસાલા ફેક્ટરી સહિત અન્ય ફૂડ યુનિટોમાં પણ તપાસ કરીને નિયમભંગ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. આ સમગ્ર મુદ્દે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે સંકલન બેઠક યોજાઈ હતી. બેઠકમાં ભેળસેળયુક્ત ખાદ્યપદાર્થો સામે વધુ અસરકારક કાર્યવાહી અંગે ચર્ચા કરવામાં આવી હતી.

રાજકોટના ધારાસભ્ય રમેશ ટીલાળાએ જણાવ્યું કે, જિલ્લામાં ભેળસેળ કરનારાઓ સામે કોઈ પણ પ્રકારની ઢીલ રાખવામાં આવશે નહીં.

Published and Owned by Pradip Raval and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009. and published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001 Editor -Pradip Raval

19-07-2026_29 Jan Fariyad_New_P-2